# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **દેશ, આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે.**
2. **સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ આજે લક્કીનાળા લશ્કરી મથક ખાતે સુરક્ષા કવાયત નિહાળશે-શસ્ત્ર પૂજા કરશે. વિવિધ નવીન સુવિધાનું લોકાર્પણ કરશે**
3. **વાવ–થરાદ જિલ્લો આજે સત્તાવાર રીતે અસ્તિત્વમાં આવશે.**
4. **રાજયભરમાં વિજયાદશમી – દશેરા પર્વની આજે ધાર્મિક પરંપરા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી**
5. **અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટડીયમ ખાતે આજે ભારત- વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે પ્રથમ ટેસ્ટ રમાશે.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# GANDHI JAYANTI

દેશ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને આજે તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે.

દિલ્હીમાં રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીના સ્મારક ખાતે એક સર્વધર્મ પ્રાર્થના સભાનું આયોજન કરાયું છે. કીર્તિમંદિર પોરબંદર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સર્વધર્મ પ્રાર્થના સભાનું આયોજન કરાયું છે.

અમદાવાદના સાબરમતી આશ્રમ ખાતે પણ આજે સર્વધર્મ પ્રાર્થના સભા યોજાશે. વિવિધ જિલ્લાઓની શાળાઓ અને કોલેજોમાં ગાંધીજીના જીવનદર્શન પર સેમિનાર અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાશે.

ગાંધી જયંતીના અવસરે આજથી 31 ડિસેમ્બર સુધી ખાદી અને પોલીવસ્ત્રના વેચાણ પર ખાસ વળતર આપશે. ખાદીને પ્રોત્સાહન આપવા સરકારે 30 ટકા ખાસ બજાર પ્રોત્સાહન આપવાનો મહત્વનો નિર્ણય લીધો છે.

ખાસ બજાર પ્રોત્સાહન સહાય જાહેર થવાથી રાજ્યમાં ખડી ગ્રામ ઉધ્યોગ સાથે જોડાયેલા પરિવારોની રોજગારીમાં વધારો થશે . દેશ આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીને પણ તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે.

---

# KHEL MAHAKHUMBH

72 લાખથી વધુ યુવાનોના સપનાને સાકાર કરવા સરકાર કટિબદ્ધ છે - અમદાવાદનાં વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતેથી ખેલ મહાકુંભનો પ્રારંભ કરાવતા રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ મુજબ જણાવ્યુ.

આ પ્રસંગે મંત્રીના હસ્તે ત્રણ શ્રેષ્ઠ શાળાઓને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી હતી. ખેલ મહાકુંભમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી ત્રણ શ્રેષ્ઠ મહાનગરપાલિકા અને ત્રણ શ્રેષ્ઠ જિલ્લાઓને પણ આ ઉદ્ઘાટન સમારોહમાં મંત્રી હર્ષ સંઘવીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ ખેલ મહાકુંભ રેકોર્ડ બ્રેક 72 લાખ 57 હજાર 887 રજિસ્ટ્રેશન થયા છે. 43 લાખ 83 હજાર 520 પુરુષ ખેલાડીઓ અને 28 લાખ 74 હજાર 367 મહિલા ખેલાડીઓ ઉત્સાહભેર સહભાગી થશે

ગુજરાતના યુવાધનના સૌથી મોટા ઉત્સવ 'ખેલ મહાકુંભ'નો પ્રારંભ કરાવતા મંત્રી શ્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું કે,

## બાઈટ – હર્ષ સંઘવી

---

# RAJNATH SINGH KUTCH VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ બે દિવસય કચ્છની મુલાકાતે છે. જે દરમિયાન શ્રી સિંહ આજે લક્કી નાળા લશ્કરી મથક ખાતે મલ્ટિ એજન્સી સુરક્ષા કવાયત નિહાળશે સાથે જ શસ્ત્ર પૂજા કરશે. શ્રી સિંહના હસ્તે અહી વિવિધ નવીન સુવિધાનું લોકાર્પણ પણ કરાશે.

આ સાથે જ શ્રી સિંહે વિજયાદશમીની પૂર્વસંધ્યાએ ભુજમાં સશસ્ત્ર દળોના જવાનો સાથે પરંપરાગત બડાખાનામાં ભાગ લીધો હતો. વિજયાદશમીની શુભકામના પાઠવતા આ પર્વને તેમણે અસત્ય પર સત્ય અને અન્યાય પર ન્યાયના વિજયનું પ્રતીક અને ભુજમાં સૈનિકો વચ્ચે આ પ્રસંગ ઉજવવાનું પોતાનું સૌભાગ્ય ગણાવ્યું.

શ્રી સિંહે સૈનિકોને સતત તાલીમ આપવા, નવી તકનીકો અપનાવવા અને દરેક પરિસ્થિતિ માટે તૈયાર રહેવાનો આગ્રહ કર્યો હતો. તેમણે કહ્યું કે, "યુદ્ધો ફક્ત શસ્ત્રોથી જ નહીં, પરંતુ શિસ્ત, મનોબળ અને સતત તૈયારીથી જીતાય છે. નવી તકનીકો અપનાવો, તાલીમને તમારા રોજિંદી દિનચર્યાનો અભિન્ન ભાગ બનાવો અને દરેક પરિસ્થિતિ માટે પોતાને તૈયાર રાખો.

---

## VAV THARAD

બનાસકાંઠા જિલ્લામાંથી વિભાજિત થઈને વાવ-થરાદ જિલ્લો આજે સત્તાવાર રીતે અસ્તિત્વમાં આવશે. આ સાથે ચાર નવા તાલુકાઓ–ઓગડ, ધરણીધર, રાહ અને હડાદ પણ અસ્તિત્વમાં આવશે. જેનાથી વહીવટી કાર્યક્ષમતા, વિકાસ યોજનાઓ અને નાગરિક સેવાઓ વધુ સુગમ અને અસરકારક રીતે લોકો સુધી પહોંચશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી આ વિસ્તારના લોકોની વર્ષો જૂની માંગણી પૂરી થઈ છે.

નવી જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી અને જિલ્લા પંચાયત કચેરીની સ્થાપના સાથે વાવ, થરાદ, સુઇગામ, ભાભર, રાહ, ધરણીધર,

દિયોદર અને લાખણી તાલુકાના નાગરિકોને ઝડપી, પારદર્શક અને સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ વહીવટી સેવાઓ પ્રાપ્ત થશે.

આ સાથે જ આજે વાવ –થરાદ જિલ્લો સુશાસન, વિકાસ અને એકતાના નવા અધ્યાયની શરૂઆત કરાશે તેમ બનાસકાંઠા જિલ્લાના કલેકટર મિહિર પટેલ દ્વારા જિલ્લાના નાગરિકોને સંદેશ પાઠવવામાં આવ્યો છે.

---

## KANU DESAI ON NEW TALUKA

નાણા મંત્રી કનુ દેસાઇ આજે નવનિર્મિત અરેઠ તાલુકાના લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ વલવાડા ખાતે નવનિર્મિત અંબિકા તાલુકાના લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યારબાદ તેઓ પલસાણા તાલુકાના રૂંગડા ખાતે 66 કે.વી. સબ સ્ટેશનના લોકાર્પણ તથા ખરવાસા- 2, વીલ પાર્કના ઇ-ખાતમુહૂર્ત કાર્યક્રમમાં હાજર રહેશે.

---

## DASERA

આજે વિજયાદશમી છે. રાજયભરમાં વિજયાદશમી – દશેરા પર્વની આજે ધાર્મિક પરંપરા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાશે. દશેરા નિમિતે રાજયભરમાં ઠેર-ઠેર રાવણ દહનના કાર્યક્રમો યોજાશે. અમદાવાદનાં ખોખરા રેલ્વે ગ્રાઉન્ડ ખાતે 45 ફૂટ ઊંચા રાવણના પૂતળાનું દહન કરાશે.

દશેરાના દિવસે વણજોયું મુહૂર્ત હોવાથી આજે મોટાપાયે વાહનો દાગીનાની ખરીદી કરાશે. દશેરા પર્વ પર શસ્ત્ર પૂજનની વિશેષ પરંપરા મહિમા છે. રાજયભરમાં લોકો આજે શસ્ત્રો નું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરશે.

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે ભાવનગર ગરાશીયા સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ નવાપરા, ભાવનગર ખાતે યોજવામાં આવશે. ચિત્રાના માર્કેટિંગ યાર્ડ ખાતે વિજયાદશમી મહોત્સવ-રાવણ દહન કાર્યક્રમનું આયોજન પણ કરાયું છે.

આજના દિવસે ફાફડા જલેબી ખાવાનો વિશેષ મહિમાં છે. રાજયભરમાં લોકો આજે ફાફડા જલેબીની લિજ્જત માણશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિજયાદશમી પર્વની સૌ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવતા જણાવ્યું કે, વિજયાદશમીનું આ પર્વ આસુરીશક્તિ પર દૈવીશક્તિનાં વિજયનું ઉમંગપર્વ છે.

મુખ્યમંત્રીએ શક્તિની ભક્તિના નવરાત્રી ઉત્સવ પછી આવતું આ વિજયાદશમી પર્વ સમાજમાં સદભાવના-સમરસતા, સૌહાર્દ, પરસ્પર પ્રેમ તથા બંધુતા અને સૌના સાથ, સૌના વિકાસની નેમ પાર પાડનારૂ બને તેવી અપેક્ષા પણ વ્યકત કરી છે

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ તમામ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે રાજ્યપાલે આશા વ્યક્ત કરી છે કે, આ પાવન તહેવાર સૌના જીવનમાં આનંદ, ઉત્સાહ અને નવી ઉર્જાનો સંચાર કરશે અને સમાજને એકતા, ભાઈચારા અને સુખ-સમૃદ્ધિના માર્ગે આગળ વધારશે.

---

## INDIA - WEST INDIES

**અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટડીયમ ખાતે આજે ભારત અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે બે મેચની ક્રિકેટ ટેસ્ટ શ્રેણીની પ્રથમ ટેસ્ટ શરૂ થશે.**

**મેચ સવારે 9:30 વાગ્યે શરૂ થશે. વિરાટ કોહલી , રોહિત શર્મા અને આર. અશ્વિન જેવા સિનિયર ખેલાડીઓની ગેરહાજરીમાં શુભમન ગિલ ટીમનું નેતૃત્વ કરશે.**

**શ્રેણીની બીજી ટેસ્ટ મેચ 10 ઓક્ટોબરથી નવી દિલ્હીમાં રમાશે.**

---

## DASHERA RAID

નવરાત્રી અને દશેરાના તહેવાર દરમિયાન લોકોને શુદ્ધ અને સલામત ખોરાક મળી રહે તે માટે રાજ્યભરમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે 2 હજાર 225 જેટલી પેઢીઓની તપાસ કરીને 676 જેટલા નમૂના લેવામાં આવ્યા હતા.

જે પૈકી 1 હજાર 198 કિ.ગ્રા તેમજ 4 લાખ 80 હજારથી વધુના ખોરાકના જથ્થાનો નાશ કરાયો. 924 જેટલા TPC ટેસ્ટ અને 1901 જેટલા અન્ય ટેસ્ટ કરીને રાજ્યમાં 933 કિલોગ્રામ જેટલા ભેળસેળિયા ખોરાકનો 2 લાખ રૂપિયાથી વધુનો જથ્થો સીઝ કરવામાં આવ્યો.

---

## NFDP CARD

નેશનલ ફિશરીઝ ડિજિટલ પ્લેટફોર્મ – NFDP કાર્ડ એક ડિજિટલ પ્લેટફોર્મ છે જે માછીમારો માટે ઓળખ કાર્ડ તરીકે કામ કરે છે. આ કાર્ડથી ગમે ત્યાં માછીમારી કરવા જતાં માછીમારો ને કોઈ મુશ્કેલી પડતી નથી. આ કાર્ડ અંગે જામનગરના એક માછીમારે પ્રતિક્રિયા આપી.

## બાઇટ : માછીમાર

---

## WEATHER

હવામાન વિભાગ દ્વારા આગામી 48 કલાકમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આજે કચ્છ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને જુનાગઢમાં ભારે વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદ સહિત અન્ય જિલ્લામાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી દિવસોમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર , અત્યારે વેલમાર્ક લો પ્રેશર સિસ્ટમ સક્રિય થવાથી વરસાદી માહોલ સર્જાયો છે.

## બાઈટ – રામાશ્રય યાદવ

---